
## ચાલો મનાવીએ, પરાક્રમી જવાનોને
## ૨૧ તોપોની સલામીનું પર્વ

# યુદ્ધ '૭૧



૧૯૭૫માં બનેલી 'આક્રમણ' ફિલ્મનું કિશારકુમારના કંઠે ગવાયેલું અવિસ્મરણીય ગીત છે: 'દેખો વીર જવાનો અપને ખૂન પે યે ઈલજામ ન આયે, માં ના કહે કે મેરે બેટે વખ્ત પડા તો કામ ન આયે.'

૧૯૭૧માં ભારતીય જવાનોને વતનપરસ્તીની અને ફરજપરસ્તીની આવી રીતે યાદ અપાવવાની જરૂર ન હતી. ડિસેમ્બર ૩, ૧૯૭૧ની સાંજે રણહાક પડી કે તરત બહાદુરોએ શત્રુનાશ માટે બાંયો ચડાવી અને ૧૩મા દિવસે આક્રમણખોરોને પરાસ્ત કરી શરણગતિનો પત્ર લખી આપવા મજબૂર કરી છે.

વિજયદિનની ૫૦ મી જયંતિએ આજે તે રાષ્ટ્રપૂતોનું પાવન સ્મરણ કરીએ. યુદ્ધમાં જેઓ જખમી થયા, જીવ પડીકે બાંધી જેઓ લડ્યા અને જેમણે ભારતમાતાની સુરક્ષાના કાજે જાન ખોયા એ જવાનો ૨૧ તોપોની સલામીના હક્કદાર છે. આજથી શરૂ થતી રોજેરોજના અહેવાલોની શ્રેણીની PDF આપ દરેક વ્યક્તિ પોતાના ૨૧ સ્નેહી-મિત્રો-સગાંને મોકલો, જેથી વધુમાં વધુ લોકો રાષ્ટ્રપૂતોના પરાક્રમો અંગે વાકેફ બને. નક્કી માનો કે ૨૧ PDF મોકલવાનું આપનું કાર્ય એ શૌર્યવાન જવાનોને પ્રતીકાત્મક રીતે અપાયેલી ૨૧ તોપોની સલામી બની રહેશે કે જેમાંના ઘણા ખરા આજે હયાત નથી.





# તારીખ ડિસેમ્બર ૧૧, ૧૯૭૧: આ તારીખે ૫૦ વર્ષ પહેલાં શું બન્યું?

ડિસેમ્બરની ૧૧મી તારીખનો ઘટનાક્રમ નોંધતા પહેલાં ૧૦મી તારીખના એ બનાવો અંગે વાત કે જેમને વર્ણવવાનું બાકી રહી જવા પામ્યું. હવાઇ દળના વેસ્ટર્ન કમાન્ડના ઍર માર્શલ એમ. એમ. ઇન્જિનિયરે જાહેરાત કરી કે આશરે ૨૦૦ ફાઇટર-બોમ્બર્સ ધરાવતા પાકિસ્તાને તેનાં ૨૫% જેટલાં વિમાનો ગુમાવી દીધાં હતાં. હવાઇ દળો પૂરતો ડિસેમ્બરની ૧૦મી તારીખ સુધીનો રિપોર્ટ જોવા બેસો તો પાકિસ્તાનનાં તોડી પાડવામાં આવેલાં વિમાનોની સંખ્યા ૭૭ હતી, જ્યારે ભારતે ૩૭ વિમાનો ગુમાવ્યાં હતાં. ભારતીય વાયુસેનાએ જે વિમાનો તોડી પાડેલાં તેમના ઉપરાંત બીજાં કેટલાંક પણ પાક ઍરબેઝ પર નિષ્ક્રિય હતાં, કેમ કે ભારત પરના હુમલા વખતે નુકસાન પામેલાં તે વિમાનોનું સમારકામ કરવા માટે પાકિસ્તાન પૂરતી સંખ્યાના તેમજ સક્ષમ ટેક્નિશ્યનો ધરાવતું ન હતું. જોઇએ તેટલા પ્રમાણમાં અને જોઇએ તેટલા પ્રકારના સ્પેર પાટ્સ પણ નહિ, તેથી હુમલા બાદ જખમ સાથે પાછા આવેલા પ્લેનનો તૂટેલો પાર્ટ બદલીને કામ ચાલી જાય એવી સ્થિતિ વખતે પણ પાક વાયુસેના મજબૂરી અનુભવતી હતી.

પરિણામ એ આવ્યું કે ડિસેમ્બરની ૩જી તારીખથી શરૂ કરીને ડિસેમ્બર ૧૦મી તારીખ સુધીમાં માત્ર ૭ દિવસ બાદ પાકિસ્તાનનું વલણ આક્રમકને બદલે ધીમે ધીમે રક્ષણાત્મક થવા લાગ્યું. બને ત્યાં સુધી રાત્રે અંધકાર દરમ્યાન હુમલા કરવા એ તેનો નવો 'વ્યૂહ' હતો. ભારત પાસે પાક વાયુસેનાની સરખામણીમાં ફાઇટર-બોમ્બર્સની સંખ્યા લગભગ અઢી ગણી હતી, ટેકનિશ્યનો પૂરતી સંખ્યામાં હતા અને વિમાનોના પ્રકારો વળી અનેક હોવાને લીધે એક નહિ તો બીજા પ્રકારનું વિમાન સરહદપાર મિશન પર મોકલી શકાતું હતું.

ભૂજના ઍરબેઝ પર રન-વેનું સમારકામ કરવા જે કણબી પટેલ સ્ત્રીઓ દિવસરાત મથી તેમના વિશેની ફિલ્મ શેડકઢા દૂધને સ્કોચ જેવી હતી.



આ જમા પાસાને લીધે ભારતના આક્રમક વલણમાં ફરક પડ્યો નહિ. ડિસેમ્બર ૧૦મી ના રોજ પાકિસ્તાનના હૈદરાબાદ ડિવિઝનમાં ભારતીય હવાબાજોએ મિરપુર ખાસ / Mirpur Khas પાસેની રેલવેલાઇન તોડી નાખી અને માર્શલિંગ યાર્ડનો પણ નાશ કર્યો. લશ્કરી ગુડ્સ ટ્રેનો તે રેલવેલાઇન દ્વારા પૂર્વ પાકિસ્તાન માટેનો શસ્ત્રસરંજામ કરાંચી બંદરે પહોંચાડતી, પણ ભારતે કરેલા ઍટેક પછી તે વ્યવહાર અટકી જવા પામ્યો.

પૂર્વ પાકિસ્તાનના (બાંગલાદેશના) ફ્રન્ટ પર પણ ભારતીય વાયુસેનાએ પોતાનો તરખાટ ચાલુ રાખ્યો. ઢાકાના રેડિઓ સ્ટેશન ઉપરાંત અન્ય ત્રણ રેડિઓ ટ્રાન્સમીટરોને રોકેટો વડે નષ્ટ કર્યાં. તારીખ ૧૦મી ના ૨૪ કલાક દરમ્યાન ભારતનાં HF-24, Hunter તથા MiG-21 વિમાનોએ રોકેટો અને બોમ્બ વડે મધ્યમ કદનાં ૬ તથા નાના કદનાં ૧૦ જહાજોને, નાની-મોટી ૭ ગન બોટને તથા ૧૧ મોટર બોટને ખુવાર કરી દીધાં. આ નૌકાઓ, જહાજો તથા બોટ જુદી જુદી નદીઓ પર હંકારી રહ્યાં હતાં. બાંગલાદેશમાં યાને પૂર્વ પાકિસ્તાનમાં આંતરિક જળવ્યવહાર એટલા મોટા પાયે ચાલતો કે જહાજોની અને મોટર બોટની સંખ્યા હજારોમાં ગણાય એટલી હતી.

■

ભૂમિદળના લેફ્ટનન્ટ-જનરલ સાગતસિંહની 4 Corps વિશે હવે ડ્રામેટિક વિવરણ આગળ ચલાવવાનું છે, પણ તે પહેલાં ભારતીય વાયુસેનાના ભુજ ઍરબેઝ પર શત્રુના આક્રમણ વખતે બનેલી ઘટનાઓ તપાસીએ. ઘટનાઓ ઉલ્લેખનીય છે, માટે થોડું વિષયાંતર કરીને પણ નોંધ લેવી આવશ્યક છે. ભુજને ડિસેમ્બર ૧૧મી કે બીજી એકેય તારીખ લાગુ ન પાડી શકાય, કેમ કે ડિસેમ્બર ૪ પછીના ઘણા ખરા દિવસો તેના માટે અગ્નિપરીક્ષાના રહ્યા. વાસ્તવમાં એમ

કહેવાનું થાય કે અગ્નિકાંડના રહ્યા. જથી ડિસેમ્બરે ભારતીય વાયુસેનાએ કરાંચી પર હવાઈ ઍટેક કર્યો હતો અને તેનું પાકિસ્તાનને તેજાબી રિએક્શન આવ્યું હતું, જે આમ તો ફફડાટના સ્વરૂપનું હતું. કરાંચીથી એકદમ નજદીકી ભારતીય ઍરબેઝ હોય તો એ ભુજનું, માટે પાક વિમાનોએ મોટા પાયે ભુજ પર આક્રમણ કર્યું. હાઈ-એક્સ્પ્લોઝિવ બોમ્બ ઉપરાંત અગનજ્વાળા ફેલાવતા નેપામ બોમ્બ પણ ફેંક્યા. ભુજના રન-વેને સખત નુકસાન પહોંચ્યું. પાકિસ્તાનના સંદર્ભે ભુજ ઍરબેઝનું ભૌગોલિક સ્થાન મોકાનું હોવાનું લીધે રન-વેને તાત્કાલિક દુરસ્ત કરી નાખવાનું જરૂરી હતું. આ કામ માટે ઘણા મજૂરોની જરૂર હતી. કઈ રીતે અને ક્યાંથી એકઠા કરવા તેની મૂંઝવણ અનુભવતા કમાન્ડિંગ ઑફિસરે જિલ્લા કલેક્ટરનો સંપર્ક કર્યો અને સહાય માગી. કલેક્ટરે ભુજના કણબી પટેલોનો સંપર્ક કર્યો, જેઓ બાંધવામાં આવી રહેલાં નવાં મકાનોના ચણતરમાં મજૂરીકામ કરી રોજીરોટી મેળવતા હતા. આમાં વધુ ભાગે મહિલાઓ હતી. જિલ્લા કલેક્ટરે રોકેલી બસ દ્વારા તેઓ ઍરબેઝ પર આવી પહોંચી.

પાકિસ્તાન ઍર ફોર્સએ ૧૪ દિવસ સુધી ભુજ પર ૩૫ વખત હુમલા કર્યાં, ૨૨ રોકેટો વડે મારો ચલાવ્યો અને બધું મળી ૯૨ બોમ્બ ફેંક્યા. આમાં કેટલાંક નેપામ બોમ્બ હતા. રન-વેના ચોતરફના વિસ્તારને ભડકે બાળ્યું. ૧૯૭૧ના યુદ્ધ વખતના આપણા વાયુસેનાપતિ ઍર ચીફ-માર્શલ P. C. Lal એ તેમનાં *My years with the IAF* પુસ્તકમાં લખ્યું છે કે કણબી પટેલ સ્ત્રીઓ રન-વેના સમારકામમાં એકધારી મચેલી રહી અને ભુજ ઍરબેઝને વાપરવાયોગ્ય રાખ્યું. આ શ્રમયજ્ઞમાં કણબી પુરૂષોએ પણ ભાગ લીધો. હવે ઍર ચીફ-માર્શલ પી. સી. લાલના શબ્દો: ‘Then came the question of payment. The Air Force CO of the station and the DC asked, 'How much?' Their reply was, 'Nothing, thank you.' But why? If our men are prepared to lay down their lives for our country, the least that the Kanbi Patels can do is to contribute their labour for the same thing.' But how could the Air Force thank them? The DC suggested, take a few baskets of fruits and sweets to their temple and offer them to God and their Guru Narayan Swamy who taught them simple living and honest work. That was done and then the fruits and sweets were distributed as *prasad*. Wish that there were more followers of Guru Narayan Swamy all over India.


ઍર ચીફ માર્શલ પી. સી. લાલ એ જ કે જેમણે વર્ષો પહેલાં વાયુસેના માટે નેટ વિમાનો ખરીદવાની ભલમણ કરી હતી.



ભારતની દુખતી નસ : સિલિગુડી કોરિડોર

પાકિસ્તાન સાથે વહેલું મોડુ યુદ્ધ ખેલવાનું થાય એ નક્કી જણાયા પછી ભારતે રણનીતિનું જે આયોજન કર્યું તેમાં ચીનના સંભવિત વલણને ખાસ ધ્યાનમાં લીધું. ભારતને ચીમકી તો અમેરિકા તથા બ્રિટને પણ આપેલી (પાકિસ્તાનની સહાય માટે છેવટે પોતાના યુદ્ધજહાજો મોકલેલા), પરંતુ ચીનની વાત જુદી હતી. પૂર્વ પાકિસ્તાન હંમેશાં ઇસ્લામાબાદની એડી નીચે રહે તે માટે સરમુખત્યાર જનરલ યાહ્યાખાનની મદદે જવામાં ચીનનો વર્ષો થયે waiting list પર રહેલો બહુ મોટો સ્વાર્થ પૂરો થાય તેમ હતો.


‘સફારી’ તેના અંક નં. ૩૧૬માં 20 માં પાને છાપી ચૂક્યું તે નકશો અહીં ફરી વખત રજૂ કર્યો છે. ઇશાન ભારતને બાકીના ભારત સાથે જોડતો અને યર્થાથ ઉપમા મુજબ Chicken's Neck તરીકે ઓળખાતો સિલિગુડી કોરીડોર નામનો પટ્ટો માત્ર ૨૨ કિલોમીટર પહોળો છે. આ પટ્ટાને જો ચીન લશ્કરી આક્રમણ વડે કાપી નાખે તો Chicken's Neck ને એટલે કે મરઘીની ડોકને તેણે મરોડી નાખી સમજો. આસામ, મેઘાલય,


પ્રગટ થઇ ગયું છે....
યુદ્ધ '૭૧
ભારત-પાક સંગ્રામની સિલસિલાબંધ સત્યકથા
નગેન્દ્ર વિજય
કુલ ૨૩ પ્રકરણોની સળંગ યુદ્ધકથા
સંખ્યાબંધ ચિત્રો, નકશા તથા આકૃતિઓ
શસ્ત્રોની આશ્ચર્યજનક માહિતી
યુદ્ધ '૭૧
ભારત-પાક સંગ્રામની સિલસિલાબંધ સત્યકથા
ફક્ત ૧૪ દિવસમાં
પાકિસ્તાનના જેણે
બે ટુકડા કરી નાખ્યા એ
૧૯૭૧ના ભારત-પાક યુદ્ધની સત્યકથાનું
નગેન્દ્ર વિજયની કલમે લખાયેલું
બેસ્ટ-સેલર પુસ્તક...
₹ 350/-
(પોસ્ટેજ ચાર્જ અલગ)
આજે જ www.harshalpublications.in પરથી ઓનલાઇન ખરીદો.

નાગાલૅન્ડ, ત્રિપુરા, મિઝોરમ, અરુણાચલ પ્રદેશ વગેરે તમામ રાજ્યો ભારત ગુમાવી દે. સિક્કિમ ભારતનું રાજ્ય તો ૧૯૭૫માં બન્યું, એટલે ૧૯૭૧માં તે કમજોર સ્વતંત્ર દેશ હોવાને લીધે ચીનને તેની આરપાર પોતાનું લશ્કર મોકલવામાં ખાસ અવરોધ જણાય નહિ. આ સંજોગોમાં ૧૯૭૧નાં યુદ્ધ માટે રણનીતિ ઘડતી વખતે ચીનને કેન્દ્રમાં રાખવું આવશ્યક બન્યું.

એક વાતે ભારત સદ્નસીબ રહ્યું. હિમાલયમાં શિયાળો હિમવર્ષા સાથે નવેમ્બરમાં બેસે, પણ ૧૯૭૧માં મોસમમાં પલટો મોડે રહીને આવ્યો. હવામાનશાસ્ત્રીઓની આગાહી મુજબ પ્રથમ હિમવર્ષા ડિસેમ્બર ૮ પહેલાં થાય તેવાં ચિહ્નો જણાતાં ન હતાં. હિમવર્ષા, અકથ્ય ઠંડી અને વખતોવખત થતા હિમઝંઝાવાત માર્ગોને બંધ કરી દે. આથી ચીન ઈસ્લામાબાદના પડખે રહીને પૂર્વ પાકિસ્તાનના મોરચે યુદ્ધમાં ઝંપલાવે તેવી સંભાવના ઘટી જવા પામી. ભૂમિદળના સેનાપતિ સામ માણેકશાની દ્રષ્ટિએ તે મોટી રાહત હતી. આમ છતાં ચીન પર આંધળો ભરોસો મૂકી દેવાનું પણ યોગ્ય ન હતું. આથી ભારતે એકેય જાહેરાતમાં એવો સંકેત ન આપ્યો કે તેનું લશ્કર ઢાકાને જીતવા માગતું હતું. ભારતનું લક્ષ્ય જો ઢાકા હોય તો સાદા સમીકરણ મુજબ તો સમગ્ર પૂર્વ પાકિસ્તાનને તેનું લક્ષ્ય ધારી લેવાય, માટે એ રાજધાનીનો ઉલ્લેખ ન કરવામાં જ સાર હતો. જો કે હવામાનખાતાની આગાહી સાચી ઠરી અને ડિસેમ્બર ૮, ૧૯૭૧ ના રોજ હિમાલયના પર્વતોમાં હિમવર્ષાનો આરંભ થયો ત્યારે જનરલ સામ માણેકશાએ ઢાકાને પોતાની વ્યૂહરચનામાં મધ્યસ્થાને મૂક્યું.

ઢાકા તરફ આગળ વધવાનું મિશન II Corps ના સેનાપતિ લેફ્ટનન્ટ-જનરલ તપીસ્વર રૈનાને સોંપવામાં આવ્યું હતું, પરંતુ તેઓ ઑગસ્ટ, ૧૯૭૧માં નક્કી થયેલા જૂના વ્યૂહાત્મક પ્લાનને વળગી રહ્યા. ગણતરીમાં ચીનનો બાકાત રાખતો નવો પ્લાન તેમની જાણકારી બહાર રહેલો તેવું નહોતું, છતાં અમુક ટીકાકારોના મતે જડતાભર્યું વલણ રાખ્યું. હકીકતે લેફ્ટનન્ટ-જનરલ રૈનાને ડિસેમ્બર ૮, ૧૯૭૧ ના દિવસે જ નવા પ્લાન અંગે માહિતગાર કરી દેવાયા હતા. બદલાયેલી એ યોજના મુજબ તેમણે આશરે ૭૦,૦૦૦ જવાનોની ફોજ સાથે ઢાકા તરફ ધસી જવાનું હતું. શા માટે તેમણે એમ કરવાનું ટાળ્યું તે કહેવું મુશ્કેલ હતું. શ્રીનગરમાં જન્મેલા કાશ્મીરી પંડિત રૈના ૧૯૭૫માં જો કે ભારતના સેનાપતિ બનવા માટે યોગ્ય ઠર્યા.



*લેફ્ટનન્ટ-જનરલ રૈના રૂઢિગત રણનીતિના તરફદાર હતા. વળી લેફ્ટનન્ટ-જનરલ સાગતસિંહ જેવા આક્રમક સ્વભાવના નહિ.*

આ લેફ્ટનન્ટ-જનરલ કરતાં તદ્દન વિપરીત માનસિક ઢાંચો 4 Corps ના સેનાપતિ લેફ્ટનન્ટ-જનરલ સાગતસિંહનો હતો. કઈ રીતે તેમણે આગામી દાવ ખેલ્યો તે સ્પષ્ટ કરતો નકશો ધ્યાનપૂર્વક તપાસો. નકશા મુજબ સિલહટ છેક ઈશાન ખૂણે અને તેમનું Corps headquaters ત્રિપુરા રાજ્યના અગરતલામાં, જ્યાંથી તેમણે ઢાકા તરફનો માર્ગ પકડવાનો હતો. ઢાકા પહોંચવાનું મિશન લેફ્ટનન્ટ-જનરલ રૈનાને સોંપવામાં આવેલું, માટે લશ્કરી શિસ્ત મુજબ સાગતસિંહ આર્મી હેડ્ક્વાર્ટસના ફરમાનનો અનાદર કરી શકે નહિ. જુદી રીતે કહો તો ઢાકા પહોંચવું એ તેમના કાર્યક્ષેત્રમાં આવતું ન હતું. દક્ષિણના ચિત્તાગોંગને તેમણે નિશાન બનાવવાનું હતું.

આમ છતાં સાગતસિંહ જેટલું મનોમંથન કરતા ગયા એટલું તેમના મગજમાં સ્પષ્ટ થતું ગયું કે ચીનની નિષ્ક્રિયતાના ભરોસે બેસી રહેવાય નહિ, એટલે વહેલામાં વહેલી તકે ઢાકાને કબજે લેવું જોઈએ. રાજસ્થાનના સાગતસિંહ આમેય સ્વતંત્ર મિજાજના રાઠોડ, એટલે લશ્કરના સ્થાપિત નિયમો સાથે તેમનો મેળ જામતો ન હતો. ચિત્તાગોંગને ભુલી તેમણે પોતાના સૈન્યને અખૌરા તરફ વાળ્યું. (નકશામાં અખૌરાનું સ્થાન જુઓ). અખૌરાથી આશુગંજ તરફ કૂચ ચાલુ રાખી. આશરે ૭૦,૦૦૦ જવાનોની બનેલી Corps માં 8 Mountain Division હતી, જેનું નેતૃત્વ મેજર-જનરલ કે. વી. કૃષ્ણરાવે લીધું હતું. (8એ નંબર છે, સંખ્યા નથી.) વધુમાં 57 Mountain Division મેજર-જનરલ કેનેથ ગોન્સાલ્વિસની લીડરશિપ નીચે હતી. નકશામાં બતાવ્યું છે તેમ (ટૂંકાક્ષરો મુજબ) 57 DIV ને ગોન્સાલ્વિસે મોખરે રાખી હતી. મેઘના નદી ઓળંગવા માટે તેણે દાઉકુંડી પહોંચવાનું હતું, પણ ત્યાં

*સાગતસિંહના હાથ નીચેના 8 Mountain Division ના મેજર-જનરલ કે. વી. કૃષ્ણ રાવ પણ વખત જતાં ભારતના સેનાપતિ બન્યા.*



પાકિસ્તાનની 39 division કબજો જમાવી ચૂકી હતી.

એક વાત સ્પષ્ટ કરવી જરૂરી છે કે હેલિકોપ્ટરો દ્વારા ભલે આપણા ઘણા જવાનોને મેઘનાપાર મોકલી દેવાયા, પરંતુ Corps / કોરમાં આશરે ૭૦,૦૦૦ સૈનિકો હોય એ હકીકત ભુલાય નહિ. ઉપરાંત રણગાડી અને તોપો, બઝૂકા, ટૂંકા નાળચાની મોટાર તોપોમા હેન્ડ ગ્રેનેડ, તોપગોળા, કારતૂસો વગેરે પણ સામા કાંઠે પહોંચાડવાં રહ્યાં. હેલિકોપ્ટરો દ્વારા એ શક્ય ન બને. મેઘના નદીના પૂર્વ કાંઠે આશુગંજથી સામા કાંઠે ભૈરવ બજાર સુધી પહોંચવાનું હતું. સાગતસિંહના લશ્કરમાં PT-76 પ્રકારની Amphibious એટલે કે જમીન પર હંકારી શકે અને પાણીમાં તરી પણ શકે તેવી રશિયન બનાવટની 14 ટન વજનવાળી રણગાડીઓ હતી. આ ટેન્ક 76.2 mm ના વ્યાસની મુખ્ય તોપ અને બે મશીનગન વડે સજ્જ હતી. ડ્રાઇવર, કમાન્ડર અને તોપચી એમ ત્રણ જણા રણગાડીનું સંચાલન કરતા હતા. રણગાડી પાણીમાં તરી શકે એ બહુ મોટું જમા પાસું લેખાય, પણ PT-76 ની મર્યાદાએ કે તેનું એન્જિન માત્ર ૩૦ મિનિટ સુધી એકધારું કામ આપી શકતું હતું. આ મુસીબતને મુક્તિવાહિનીના બાંગલાદેશી ક્રાંતિકારીઓએ હલ




*ભવિષ્યમાં ક્યારેક પૂર્વ પાકિસ્તાનની ફ્રન્ટ પર લડવાનું થાય એ ગણતરીએ ભારતે ૧૯૬૨માં ૧૭૮ રશિયન PT-76 માટે સોદો કર્યો હતો. બધી PT-76ને નિવૃત્તિ કરી દેવાયાનું વર્ષ ૨૦૦૯ હતું.*

કરી નાખી. એન્જિનની કામગીરી અડધા કલાકે બંધ પડી ત્યારે ક્રાતિકારોએ મોટર લૉન્ચ વડે દરેક ટેન્કને દોરડે ખેંચી સામા કાંઠે પહોંચાડી દીધી. અહીંથી હવે લેફ્ટનન્ટ-જનરલ સાગતસિંહે ઢાકા તરફ આખરી હલ્લો બોલાવાનો હતો. ●


ગણિતના નામે ગેલ કરાવતું
પાંડિત્ય અને પીંજણ વગરનું પુસ્તક

ફરી પ્રગટ થઈ ગયું છે!




માત્ર ગુજરાતીમાં નહિ, ભારતની બીજી એકેય ભાષામાં
'મેથેમેજિક' જેવું પુસ્તક આજ દિન સુધી પ્રગટ કરાયું નથી.

આજે નહિ, અત્યારે જ બૂક સ્ટોલની મુલાકાત લો અને
'મેથેમેજિક'ની નકલ વસાવી લો. અથવા
ઘરબેઠા તરત મેળવી લેવા અમારી વેબસાઈટની મુલાકાત લો.

લેખક : નગેન્દ્ર વિજય

પાનાં : 216

કિંમત : રૂા. 350/-

https://www.harshalpublications.in/shop/books/mathemagic



લેફ્ટનન્ટ-જનરલ સગતસિંહની 'એકલા ચાલો રે' વ્યૂહ
સિલિગુડી
જલપાઇગુડી
XXXIII Corps (Thapan)
કૂચ બિહાર
કિશનગંજ
ઠાકુરગાઁવ
લાલમનિર હાટ
ધુબુરી
બ્રહ્મપુત્ર
સઈદપુર
રંગપુર
દિનાજપુર
ભા ર ત
101 Communication Zone (Nagra)
તુરા
સીલોંગ
બાલુરઘાટ
હિલ્લી
Mukti Bahini
કમાલપુર
દાવકી
એતગ્રામ
સુનમગંજ
પૂ ર્વ
બોગરા
જમુના
જમાલપુર
Mukti Bahini
સિલહટ
માયમેનપુર
ફેન્ચુગંજ
કરીમગંજ
પા કિ સ્તા ન
માધુપુર
શેરપુર
નતોર
રાજશાહી
PAK 16 Div
મૌલવી બઝાર
ધરમનનગર
મેઘના
હબીબગંજ
8 Mtn Div
ગંગા
ટાંગૈલ
PAK 14 Div
બ્રાહ્મણબારિઆ
કમાલપુર
IV Corps (Sagat Singh)
મુર્શીદાબાદ
ભૈરવ બઝાર
પબણા
Mukti Bahini
નરસીંગડી
આશુગંજ
57 Div
કુશ્તીઆ
તેજગાઁવ
અખૌરા
ભા
અગરતલા
PAK 36 Div
ઢાકા
II Corps (Raina)
દરસાના
ફરીદપુર
23 Div
નારાયણગંજ
દાઉદકંડી
બેલોનીઆ
કૃષ્ણનગર
જેનીડા
મગુરા
ગંગા(પદ્મા)
PAK 39 Div
કેમિલ્લા
Mukti Bahini
ર
બોયરા
જેસોર
ચાંદપુર
ભાતપરા
PAK 9 Div
મેઘના
ફેની
ત
ખુલના
સીતાકુંડ
રામગઢ
બારિસાલ
ભોલા
ચાલના
હટલા
રંગમતિ
કલકત્તા (કોલકાતા)
કાલીગંજ
Mukti Bahini
પતુઆખલી
ચિત્તાગોંગ
દોહાઝરી
કોક્સ બઝાર
પાક એરબેઝ
પાક એરસ્ટ્રીપ
બં ગા ળ નો
ઉ પ સા ગ ર